# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

**વિષયઃ** ***કોપીકેસ અંતર્ગત તા.૨૦/૦૪/૨૦૨૧ના રોજ રાખવામાં આવેલ હાજર સુનાવણી મુલતવી રાખવા બાબત***

**પરિપત્ર :–**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓને ઉપર્યુકત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે અત્રેની યુનિવર્સિટી દ્વારા માર્ચ ૨૦૨૧માં લેવાયેલ જુદી જુદી વિદ્યાશાખાઓની સ્નાતક કક્ષાની સેમેસ્ટર ૧ અને અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર ૧ની પરીક્ષાઓ દરમ્યાન જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ખાતેથી તેમજ અન્ય રીતે જે વિદ્યાર્થીઓ ગેરરિતી/ગેરવર્તણૂંક કરતા માલુમ પડેલ તેવા વિદ્યાર્થીઓની તા.૨૦/૦૪/૨૦૨૧ મંગળવારના રોજ હાજર સુનાવણી રાખવામાં આવેલ, જેની વિદ્યાર્થીઓને પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ.

પરંતુ હાલ કોવીડ–૧૯ની મહામારીને કારણે કોરોના વાઈરસનું સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુથી સ્નાતક કક્ષાની સેમેસ્ટર ૧ અને અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર ૧ની પરીક્ષાઓ દરમ્યાન ગેરરિતી/ગેરવર્તણૂંક કરતા માલુમ પડેલ વિદ્યાર્થીઓની ***તા.૨૦/૦૪/૨૦૨૧ મંગળવારના રોજ રાખવામાં આવેલ હાજર સુનાવણી હાલ પુરતી સ્થગિત રાખવામાં આવે છે.*** ઉકત બાબતની વિદ્યાર્થીઓને જાણ સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ દ્વારા તેમની કક્ષાએથી કરવા અનુરોધ કરવામાં આવે છે.

હાજર સુનાવણી અંગેની નવી તારીખ નિયત થયેથી યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પરીપત્ર પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવશે, જેની સંબંધિતોએ નોંધ લેવી.

**Sd/-**
**OSD(Exam)**

નં. : બીકેએનએમયુ/લીગલ/૧૬૮/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ.
તા.૧૫/૦૪/૨૦૨૧

**પ્રતિ,**
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તરફ...

**નકલ સવિનય રવાના જાણ અર્થે :–**
૧. માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧. આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે) ૨. પરીક્ષા વિભાગ ૩. એકેડેમિક વિભાગ